આકાશવાણી, અમદાવાદ

08-08-2025 Midday: 2.30 to 2.35 pm

Friday Regional News

## ASSEMBLY SESSION

ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર આગામી આઠથી 10 સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. આ અંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે ધારાસભ્યો આજથી આગામી 20 ઑગસ્ટ સુધી તારાન્કિત પ્રશ્નોની સૂચના આપી શકશે.

. . . . . . . . . . .

## JUTH SUDHARNA YOJNA

પાણી પૂરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ આજે રાજકોટમાં વિંછીયા જૂથ સુધારણા યોજના અંતર્ગત બે કરોડ 21 લાખ રૂપિયાથી વધુની પાઈપલાઈન અને ભૂગર્ભ સમ્પનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી બાવળિયાએ કહ્યું, વિંછીયા પંથકના છેવાડા વિસ્તારમાં આવેલા ઢેઢૂકી ગામ અને અજમેર ગામના લોકોને હવે "સૌની" યોજના હેઠળ નર્મદા નદીનું પીવાનું શુદ્ધ પાણી મળી શકશે.
વિંછીયાના આંતરિયાળ ગામને નર્મદાનું નીર મળશે એટલે પાણીનો કાળજીપૂર્વક ઉપયોગ કરવા પણ શ્રી બાવળિયાએ લોકોને અપીલ કરી.

. . . . . . . . . . .

## AMDAVAD URBAN FOREST PARK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના દક્ષિણ ઝૉનના લાંભા વૉર્ડમાં અર્બન ફૉરેસ્ટ પાર્કનું લોકાર્પણ કર્યું. ચાર હજાર 464 ચોરસ મીટરમાં 55 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા આ પાર્કનો જાહેર ખાનગી ભાગીદારી- P.P.P. ધોરણે વિકાસ કરાશે. શ્રી પટેલે પાર્કમાં ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાનું પણ અનાવરણ કર્યું.
ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મહાનગરપાલિકાએ શહેરમાં ચાળીસ લાખ વૃક્ષ વાવવાનું "મિશન ફૉર મિલિયન ટ્રીઝ-2025" અભિયાન હેઠળ સાત ઑગસ્ટ સુધીમાં 27 લાખ 11 હજારથી વધુ છોડ રોપ્યા છે.

. . . . . . . . . . .

## AMBAJI DATA CENTRE

ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે આજે સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે અદ્યતન ડેટા સેન્ટરનો પ્રારંભ કરાવ્યો. તેમણે કહ્યું, આ સેન્ટર દ્વારા પ્રસાદ વિતરણ, દાન, ભાદરવી પૂનમ મહામેળાની નોંધણી પ્રક્રિયા જેવી સુવિધા વધુ પારદર્શક અને ઝડપથી ઉપલબ્ધ થશે. આ સેન્ટરમાં દાતાશ્રીઓને કમ્પ્યુટરાઈઝ્ડ સિસ્ટમથી પ્રસાદ, દાન ભેટ, સાડી કેન્દ્ર તેમજ વેચાણ કેન્દ્રની પહોંચ તથા તમામ પ્રકારનું

રિપોર્ટિંગ, સુપરવિઝન, ઓડિટ, આંકડાઓનું વિશ્લેષણ જેવી જરૂરી બાબતોનું આધુનિક ટેકનોલોજીથી સંચાલન કરાશે તેમ પણ શ્રી રાજપૂતે ઉમેર્યું.

ઉલ્લેખનીય છે કે, અંબાજી મંદિર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન અંદાજે એક કરોડ 20 લાખ જેટલા મોહનથાળનું વેચાણ કરાય છે. ઉપરાંત અંદાજે 50 કરોડ રૂપિયાનું દાન-ભેટ ઑનલાઈન અને ઑફલાઈન માધ્યમથી પ્રાપ્ત થાય છે.

. . . . . . . . . . .

## RAKHDI ATMANIRBHARTA

રાજ્યના 150થી વધુ સ્વ-સહાય જૂથની 15 હજારથી વધુ મહિલાઓએ રાખડી બનાવી આવકના નવા સ્ત્રોતનું સર્જન કર્યું છે. ગાંધીનગરના જય ગજાનંદ મિશન મંગલમ સખી મંડળની દરેક બહેનોએ રાખડી બનાવી વાર્ષિક 72 હજાર રૂપિયાની આવક મેળવી છે. જ્યારે નવસારીના રામદેવપીર સખીમંડળને રાખડીના વેચાણ માટે "વન સ્ટેશન, વન પ્રૉડક્ટ" અંતર્ગત નવસારી રેલવે મથક ખાતે હાટડી ફાળવવામાં આવી છે.

રાજ્ય સરકારે વિવિધ જિલ્લામાં રાખી મેળાનું આયોજન કરીને સખીમંડળની બહેનોને યોગ્ય મંચ પૂરું પાડ્યું છે. તેમજ સખીમંડળ દ્વારા સ્થાનિક વસ્તુઓથી બનાવેલી ઈકો-ફ્રેન્ડલી રાખડીઓનું વધુ વેચાણ થતું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

## FREE BUS SERVICE

રક્ષાબંધન નિમિત્તે આવતીકાલે અમદાવાદની BRTS બસમાં મહિલાઓ સવારે છ-થી રાત્રે 12 વાગ્યા સુધી વિનામૂલ્યે મુસાફરી કરી શકશે. મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં આ નિર્ણય કરાયો છે.

દરમિયાન મહેસાણા નગરપાલિકાની 18 જેટલી સિટી બસમાં મહિલાઓ અને તેમના બાળકો આવતીકાલે સવારે છ-થી રાત્રે આઠ વાગ્યા સુધી વિનામૂલ્યે મુસાફરી કરી શકશે.

. . . . . . . . . . .

## AMRELI PRAKRUTIK KHETI

અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે. જિલ્લાના 17 હજાર 118 જેટલા ખેડૂતો હાલ 18 હજાર 978 ઍકર વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. આ માટે દેશીગાય નિભાવ ખર્ચ યોજના હેઠળ નવ હજાર 364 જેટલા લાભાર્થીને 10 કરોડ 11 લાખ રૂપિયાની સહાય અપાઈ છે.

ઉલ્લેખનીય છે કે, પ્રાકૃતિક ખેતી અભિયાનના ભાગરૂપે ખેતીવાડી શાખા અને આત્મા પ્રૉજેક્ટ દ્વારા અત્યાર સુધીમાં 592 ગામમાં વિસ્તરણ તંત્ર મારફતે ખેડૂતોની સમૂહ બેઠક અને રાત્રિ સભાઓનું આયોજન કરાયું છે. આ પહેલનો હેતુ વધુને વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અભિયાન સાથે જોડવાનો છે તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી દ્વારા જણાવાયું છે.